# ઈશ્વરને શું અર્પણ કરવામાં જીવનની સાચી સાર્થકતા છે?

બ્રહ્માકુમાર પ્રફુલચંદ્ર શાહ (નડીઆદ) : (M) 9825892710

ઈશ્વરની કૃપા તેના આશીર્વાદ આપણાં ઉપર બન્યા રહે તે માટે આપણે સામાન્ય રીતે આપની આસ્થા પ્રમાણે તેને યાદ કરવાનો કે પ્રાર્થના કરવાનો, પુજા પાઠ કરવાનો, સ્થૂળ વસ્તુઓનું દાન કરવાનો કે અન્ય ક્રિયાકાંડ કરવાનો પ્રયાસ કરીયે છીએ. તેને ઘણું બધું અર્પણ કરવાનો કે ચઢાવવાનો પણ પ્રયાસ કરીએ છીયે. પુજા-પાઠ દરમ્યાન પાણી, ફુલ, ફળ, ચોખા, પૂજાપો વગેરે ચઢાવીએ છીએ. તન-ધન પણ અર્પણ કરીએ છીએ. પરંતુ આપણે આ બધું જે કાઇ અર્પણ કરીએ છીએ કે ચઢાવીએ છીએ તે શું આપણું છે? જે કાઇ આપણે આપીએ છીએ તે બધું તો તેનું જ છે અને તેને જ આપેલું છે. તેને આપલું જ આપણે તેને પાછું આપીએ છીએ. જે એનું જ છે એને જ આપેલું છે તેને આપણે અર્પણ કરીએ , તેમાં આપણી કઈ મોટી વિશેષતા છે કે સાર્થકતા છે?




વાસ્તવમાં જે તેનું નથી તેને આપેલું નથી પણ મારૂ છે કે મેં અર્જિત કરેલું છે તેવું કાંઈક હું અર્પણ કરું તો જીવન સાચા અર્થમાં સાર્થક બને. ઈશ્વર સ્વયં પણ આવું જ ઇચ્છે છે. આપણે શોધવું પડશે કે મારી પાસે એવી કઈ વસ્તુ છે જે તેણે મને આપેલી નથી. પરંતુ મારી છે, મેં અર્જીત કરેલી છે. જો આપણે થોડું અંતરદર્શન કરીશું તો ખ્યાલ આવશે કે એક વસ્તુ એવી છે કે જે પરમાત્માની નથી તેમજ પરમાત્માએ આપણને આપી નથી. અને તે છે કર્તાભાવ. “હું કઈ કરી રહ્યો છું” નો ભાવ. આ ભાવ આપણને પરમાત્માએ આપેલ નથી. આપણે સ્વયં તેને અર્જિત કરલો ભાવ છે. એવો અહંકાર કે હું કશું કરી રહ્યો છું એ માનવીના મગજની પોતાની ઉપજ છે. આવા ‘હું’ પણાના તેમજ ‘મેં’ પણાના ભાવને અને તેને કારણે ઉત્પન્ન થયેલા અહંકારને જ્યાં સુધી ઈશ્વરને સમર્પણ નથી કર્યો ત્યાં સુધી વિશેષ કોઈ પ્રાપ્તિ ન થઈ શકે. એટલે આપણે ત્યાં કહેવાયું છે “હું કરું હું કરું એજ અજ્ઞાનતા – શકટનો ભાર જેમ શ્વાન તાણે.”

સમગ્ર ગીતાનો પણ સાર રૂપમાં કોઈ મૂળ સંદેશ હોય તો તે એજ છે કે કર્મનો ત્યાગ નહીં કે કર્મ સન્યાસ નહીં પરંતુ કર્તાભાવનો, મેં કર્યાના ભાવનો ત્યાગ કર. વાસ્તવમાં આ સૃષ્ટિ રૂપી રંગમંચ પર ખેલાઈ રહેલા આ અનાદિ અવિનાશી વિશ્વનાટકમાં આપણે સૌ મનુષ્ય આત્માઓ વિશ્વનાટકના એક્ટર્સ છીએ. વિશ્વનાટકનો મારો પાર્ટ પણ મને ઈશ્વરે જ આપેલો છે. વાસ્તવમાં જોઈએ તો હું કશું કરતો નથી પરંતુ ઈશ્વર મારી પાસે કરાવી રહયો છે. એટલે તો આપણે ઈશ્વરને કરન કરાવનહાર કહીએ છીએ. આ સંદર્ભમાં આપણામાં ઉત્પન્ન થયેલો કર્તાભાવ એ એક ભ્રમ છે.

આ કર્તાભાવ ઉત્પન્ન થવાના મૂળમાં આપણું દેહભાન છે. વાસ્તવમાં આપણે છીએ એક અતિ સૂક્ષ્મ ચૈતન્ય શક્તિ આત્મા પરંતુ આપણે આપની જાતને શરીર માની બેઠા. પાંચ જડ તત્વોનું

બનેલું આ શરીર નાશવંત છે. જે હું નથી પરંતુ આ પાંચ તત્વોના બનેલા સ્થૂળ  શરીરનો હું આત્મા માલિક છું. મગજના કેન્દ્રબિંદુ અર્થાત ભ્રૂકુટીની વચ્ચે હું બિંદુરૂપ આત્મા બિરાજમાન થઈ આખા શરીરનું સંચાલન કરું છું. શરીર એક રથ સમાન છે. હું આત્મા તેનો ચાલક–રથી છું. મારૂ શરીર નાશવંત છે પરંતુ હું આત્મા અજર અમર અવિનાશી છું. જન્માંતરે આ વાસ્તવિકતાની  વિસ્મૃતિના કારણે આપણામાં દેહભાન ઉત્પન્ન થયું. જેને કારણે આપણામાં કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર જેવા વિકારો ઉત્પન્ન થયા જે વાસ્તવમાં આપણે અર્જિત કરેલા છે, જે કોઈ ઈશ્વરની દેન નથી. એટલે ઈશ્વરને અર્પણ કરવા યોગ્ય કાંઇ હોય તો તે દેહભાનથી ઉત્પન્ન થયેલો કર્તાભાવ કે હું પણાના ભાવથી ઉત્પન્ન થયેલા આ વિકારો છે. જો આપણે સાચે જ ઈશ્વરની કૃપા ઇચ્છતા હોઇએ તો માનવ જાતના મહા દુશ્મન સમાન, આ વિકારોને  ઈશ્વર અર્પણ કરવા જોઈએ,  તેમાંજ આપણું મંગળ સમયેલું છે.

આપણે ઈશ્વરને અનેક પ્રકારના પુષ્પો અર્પણ કરીએ છીએ પરંતુ ઈશ્વર કયા પુષ્પોનું અર્પણ ઇચ્છે છે તે અંગે આપણાં શાસ્ત્રોમાં એક બોધ કથા છે. એક વાર ભગવાનના એક પરમ ભક્તે ભગવાનને પૂછ્યું કે હે ભગવન  મારી પાસે અનેક પ્રકારના પુષ્પો છે. ગુલાબ છે, ચંપો છે. પારિજાત છે. મને જણાવો કે આપને  કયું પુષ્પ પસંદ છે જે થી હું તે આપને અર્પણ કરી શકું. ઈશ્વર જવાબ આપે છે મને આ બધા પુષ્પો નથી જોઈતા પરંતુ તું આપવા ઇચ્છતો હોય તો મને આ આઠ પુષ્પો અર્પણ કર:

**अहिंसा प्रथमम् पुष्पं, पुष्पं इन्द्रिय निग्रह:**

**सर्वभूत दया पुष्पं , क्षमा पुष्पं विषेषत:**

**ज्ञान पुष्पं तप पुष्पं शांति पुष्पं तथैव च**

**सत्यं अष्ट विधं पुष्पं, विष्णो: प्रति करम भवेत्**

અર્થાત અહિંસા પ્રથમ પુષ્પ છે. અન્ય પુષ્પો છે ઇન્દ્રિયો પરનું નિયંત્રણ, દરેક પ્રત્યે દયા ભાવ, વિશેષ રૂપે ક્ષમાભાવ, જ્ઞાન, તપ, શાંતિ રૂપી પુષ્પો અને આઠમું સત્ય રૂપી પુષ્પ મને અર્પણ કર . એટલે  આપણે જો આપણું સ્વમંગલ તેમજ સર્વનું મંગલ ઇચ્છતા હોઈએ તો વિકારોના ત્યાગની  સાથે સાથે ઉપરોક્ત પુષ્પો પણ અર્પણ કરીએ.

ખાસ કરીને જ્યારે વર્તમાન કળયુગી ઘોર અંધકારના સમયે પરમાત્મા પોતે, ગીતમાં પોતે જ આપેલા વચન અનુસાર, બ્રહ્માના તનમાં અવતરણ કરી ચુક્યા છે ત્યારે આનું મહત્વ ખૂબ વધી જાય છે. વર્તમાન સમયે પરમાત્મા સૌ મનુષ્ય આત્માઓને જ્ઞાન તેમજ યોગની શિક્ષા આપી એક નવી દૈવી દુનિયાની સ્થાપનાનું કાર્ય કરી રહ્યા છે. આપણાં સૌની પાસે તેઓ ઇચ્છી  રહ્યા છે કે જે જ્ઞાન રૂપી યજ્ઞ મે સ્થાપેલો છે  તેમાં પાંચ વિકારોની આહુતિ આપશો તો તેમાં તમારી આત્માનું કલ્યાણ-મંગળ સમયેલું છે. આપણે સ્થૂળ રૂપમાં ઘણાં યજ્ઞો કરતા આવ્યા છીએ. જેમાં અનેક મંત્રોચ્ચારણ સાથે અનેક પ્રકારના પદાર્થોની આપણે આહુતિ આપતા આવ્યા છીએ. પરંતુ હવે ઈશ્વર ઇચ્છી રહ્યો છે કે હે માનવ તું હવે કર્તાભાવનો ત્યાગ કરી મારા  દ્વારા સ્થાપિત આ જ્ઞાન યજ્ઞમાં કામ સ્વાહા, ક્રોધ સ્વાહા, મોહ સ્વાહા, અહંકાર સ્વાહા સ્વાર્થ સ્વાહા ઈર્ષા સ્વાહા દ્વેષ સ્વાહા કરી તેની આહુતિ આપ તેમાં જ તારું શ્રેય તેમજ કલ્યાણ સમાયેલું છે.

------- ॐ  શાંતિ ------